# યુદ્ધનો ઓથાર નવાં શસ્ત્રો, નવાં વિમાનો નવી ટેકનોલોજીને જન્મ આપે છે!



યુક્રેને પ્રથમ મહત્ત્વનાં ગણાતાં ન હતા તેવા ડ્રોન વિમાનો વડે રશિયાને હંફાવ્યું. એક વખત તો ડ્રોન વિમાનોએ પૂર્વ રશિયાના એક લશ્કરી એરપોર્ટ પર નાંગરેલા ચાલીસેક ફાઈટર વિમાનો તોડી પાડ્યા. હવે આજકાલ યુક્રેન જરીપુરાણી અને મહત્ત્વ ગુમાવી ચૂકેલી બલૂન ટેકનોલોજીને ફરીથી ધારદાર બનાવી છે અને રશિયાની નિંદર ઊડાડી દીધી છે. વરસ 1954ની પ્રથમ મેના રોજ સોવિયેત સંઘે 'મ્યાશિશકેવ એમ-ફોર હેમર' નામક એક બોમ્બર વિમાનનું અનાવરણ કર્યું. રશિયાએ જગત સમક્ષ ખુલ્લુ મુકેલું આ એક એવું વિમાન હતું જેના વિષે અમેરિકનો પાસે ખાસ કોઈ જાણકારી ન હતી. માત્ર એટલી જ જાણ હતી કે બોમ્બર વિમાન અણુશસ્ત્ર ઉપાડી જઈને ફેંકવા માટે સક્ષમ છે. એ દિવસોમાં જાસૂસી કે લોકો પાસેથી માહિતી (હ્યૂમન ઈન્ટેલિજન્સ) મળવાનું અશક્ય હતું, ના બરાબર હતું.

અમેરિકા પાસે માત્ર એક જ ઉપાય બચ્યો હતો, અમેરિકાએ એવું જાસૂસી વિમાન તૈયાર કરવાનું હતું, જે સોવિયેત સંઘ પર ખૂબ ઊંચી ઊંચાઈએ એટલે કે સીત્તેર હજાર ફીટની ઊંચાઈએ ઊડે અને સોવિયેત સંઘની હવાઈ સેનાની ફેસેલિટીઓ પર ઊડે તેમ જ મિલિટરી ઈન્સ્ટોલેશન વગેરેની હાઈ રિઝોલ્યુશન તસવીરો કેમેરામાં ઝડપે. એ પણ સંભાળ લેવાની હતી કે આમ કરતી વેળાએ સોવિયેત સંઘને તેની જાણ ન થવી જોઈએ. તે માટે એક ખાસ વિમાન નામે 'U-2 સ્પાય' તૈયાર કરવામાં આવ્યું.

કેલી ઊર્ફે ક્લેરન્સ જ્હોનસન નામના એરોનોટિકલ એન્જીયનીયર વિદ્વાને અગાઉ કોન્સ્ટેલેશન નામનું વિમાન તૈયાર થતું હતું ત્યારે તેની રચના અને બાંધકામ પર ખાસ ધ્યાન આપ્યું હતું. કોન્સ્ટેલેશન એક એવું વિમાન હતું જેમાં હાઈડ્રોલિક્સની મદદ વડે અનેક પ્રકારના કન્ટ્રોલ આસાન બનાવાયા હતા. આ વિમાન નાગરિક ઊડ્ડયન ક્ષેત્રમાં ક્રાંતિકારી પુરવાર થયું હતું.

કેલી જ્હોનસન લોકહીડ માર્ટીન કંપનીમાં આ વિમાનો તૈયાર કરી રહ્યા હતા. ત્યારબાદ એમણે P-38 લાઈટનિંગ વિમાન, કે જે બીજા વિશ્વયુદ્ધમાં ખૂબ સફળ રહ્યું હતું તેને વધુ આધુનિક બનાવવાની કામગીરી સંભાળી. અગાઉના પ્લેન ખૂબ ધ્રુજતા અથવા હાલકડોલક થતા હતા. કેલી જ્હોન્સનને એક નવો વિચાર સુજ્યો. એમણે વિમાનની પાંખ સાથે ફ્લેપ્સ લગાવ્યા. વધુ ઝડપે વિમાન ડાઈવ કરે અર્થાત જમીન તરફ ડૂબકી મારે ત્યારે ક્યારેક તૂટી પડતાં હતા, પણ આ ફ્લેપ્સને કારણે તે જોખમ પણ ઘણું ઓછું થઈ ગયું. વિમાનની પાંખ સાથે જે મોટી પટ્ટીઓ ઊંચી નીચી થતી હોય છે તેને ફ્લેપ્સ કહે છે.

બીજી તરફ નાઝીઓએ મેસરશ્મીટ ME 262 પ્રકારનું વિમાન બીજા વિશ્વયુદ્ધના સમયમાં તૈયાર કર્યું હતું. તેના જવાબ રૂપે અમેરિકનોએ XP-80 નામના જેટ વિમાનો તૈયાર કર્યા હતા. આ વિમાન તૈયાર થતા હતાં ત્યારે તે પ્રવૃત્તિને હુલામણું 'સ્કન્ક વર્ક' નામ અપાયું! આમ તો તેનો અર્થ 'બદમાશ પ્રવૃત્તિ' થાય. પણ વિમાનોની ડિઝાઈન પ્લાન, રચના, સુધારાઓ, મેનેજમેન્ટ, વેપાર અને કોઈ પણ ઘડીએ ક્યાંય પણ કામે લાગી જવાની એન્જીનીઅરોની વૃત્તિને કારણે તે કામકાજને સ્કન્ક વર્ક ગણવામાં આવ્યું. આ બદમાશ કામગીરીએ અમેરિકાને ખૂબ મોટી સંખ્યામાં ફાઈટર પાઈલટો, એરોનોટિકલ એન્જીનીઅરો અને મેનેજરો તૈયાર કરી આપ્યા હતા. આવી રીતે તૈયાર થયેલી ટીમોએ સૌથી ઝડપી વિમાનો અને દુશ્મનોના રડારની પકડમાં ન આવે તેવા સ્ટેલ્થ વિમાનો તૈયાર કર્યા છે. આ ક્ષેત્રમાં અમેરિકાનો હાથ જગતમાં આજે પણ સૌથી ઊંચો છે. લોકહીડ માર્ટીનની આવી જ ટીમે U-2 વિમાન, અગાઉ લખ્યુ તેમ જાસૂસી માટે, CIAને તૈયાર કરી આપ્યું હતું. તેનું નિર્માણ અમેરિકન એર ફોર્સ માટે કરાયું ન હતું. કારણ કે ત્યારના અમેરિકી પ્રમુખ ડ્વાઈટ D. આઈઝન હોવરને એ બાબતની ચિંતા હતી કે સોવિયેત સંઘના આકાશમાં અમેરિકન એરફોર્સનું વિમાન ઘૂસે તો રશિયનો તે ઘટનાને યુદ્ધના આરંભ તરીકે લેશે અને ફળસ્વરૂપે મોટું યુદ્ધ શરૂ થઈ શકે છે.

વરસ 1954માં કેલી જ્હોન્સને એમના સ્કન્ક અર્થાત બદમાશોની એક નાની ટીમ, ખૂબ ઊંચાઈએ પહોંચી જમીન પરની માહિતી એકઠી કરી શકે તેવા વિમાનની રચના માટે બોલાવી. જ્હોન્સન એ નવા તૈયાર થનારા વિમાનને 'એન્જલ' તરીકે ઓળખાવતાં હતા. કારણ કે એન્જલ અથવા દેવદૂતો આકાશમાં ઊંચે ઊડતા હોય છે અને આ વિમાન પણ

**કેલી ઊર્ફે ક્લેરન્સ જ્હોનસન નામના એરોનોટિકલ એન્જીયનીયર વિદ્વાને અગાઉ કોન્સ્ટેલેશન નામનું વિમાન તૈયાર થતું હતું**

આકાશમાં સીત્તેર હજાર ફીટની ઊંચાઈએ ઊડવાનું હતું. એ એટલી ઊંચાઈ હતી કે દુનિયાનાં ત્યારનાં બીજા કોઈ વિમાનો તેની નજીક પહોંચી શકે નહીં. તેની ઝડપ અવાજની ગતિ કરતા થોડી ઓછી. 0.8 મેક રહેવાની હતી. અર્થાત એંસી ટકા. આજે રશિયાનું મીગ 31 ફોક્સહાઉન્ડ અવાજની ગતિ કરતા પોણા ગણ ગણાથી વધુ (2.83) ઝડપથી, એટલે કે કલાકના ત્રણ હજાર કિલોમીટરની ઝડપે ઊડે છે. અમેરિકાનું સૈનિક વિમાન 'બોઈંગ F-15, EX ઈગલ 2' અવાજની ગતિથી અઢી ગણી ઝડપે ઊડી શકે છે. જોકે ફાઈટર વિમાનો આજે પણ પચાસ હજારથી

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

પાંસઠ હજાર ફીટની ઊંચાઈ પર જઈ શકે છે. ઊંચાઈ એટલી જ રહી છે તેનું કારણ છે. આટલી ઊંચાઈ બાદ હવા એટલી પાતળી બની જાય છે કે વિમાનના પંખાઓને વિમાન હવામાં તરી શકે, તાકાત જાળવી શકે એટલી હવા મળતી નથી. અમુક 'ઝૂમ- ક્લાઈમ્બ' ટેકનિક વડે રશિયનોએ મિગ વિમાનને 1,23,523 ફીટની ઊંચાઈ પર પહોંચાડ્યું હતું, પરંતુ યુદ્ધમાં આ ટેકનિક પરવડે નહીં. સાર્થક પુરવાર ન થાય અને તેની કોઈ જરૂર હોતી નથી. અમેરિકન લોકહીડ માર્ટીનનું વિમાન F- 22 રેપ્ટર પાંસઠ હજાર ફીટ સુધી ઉપર જઈ શકે છે. લોકફીડનું બીજું એક વિમાન SR-71 બ્લેકબર્ડ 85 હજાર ફીટ સુધી પહોંચે છે. પણ તે માત્ર જાસૂસી અને રેકી કરી શકે છે, યુદ્ધ લડી શકતું નથી. રશિયાનું મિક્રોયાન મીગ-29- 59 હજાર ફીટ સુધી જઈ શકે છે.

આજે ડ્રોન વિમાનો વધુ કાર્યક્ષમ પ્રમાણમાં ખૂબ સસ્તા પડે છે. પાડે છે ત્યારે ધાર્યું નિશાન પાર પાડે છે. વળી આપમેળે ઊડે છે તેથી પાઈલટોની જાનહાનિ થતી નથી. આ સમયમાં ફાઈટર પ્લેનનું મહત્ત્વ અગાઉ હતુ એવું રહ્યું નથી, છતાં મહત્ત્વ તો છે. અમુક પ્રકારના હૂમલા ફાઈટર પ્લેનો દ્વારા જ શક્ય બને છે.

કૉન્સ્પિરેસી થિઅરીમાં માનતા લોકોના મનસમાં એ વાત મક્કમપણે ઘૂસી ગઈ છે કે એરિયા 51 માં ઊડતી રકાબીઓ આવે છે. U-2 નું નિર્માણ અને પરીક્ષણ પણ આ એરિયામાં થયું હતું. રશિયન મિઝાઈલો વિશેની 95 ટકા બાતમીઓ આ એક માત્ર U-2 વિમાન દ્વારા મળી હતી. એ U-2 મિશનો થકી અમેરિકનોને સમજાયું કે મિઝાઈલોની બાબત અમેરિકનો રશિયાને જેટલું બળવાન સમજતાં હતાં એટલું બળવાન એ ખરેખર ન હતું. એ જાણકારી મળી ત્યારબાદ અમેરિકાનું અને એ રીતે વિશ્વનું ટેન્શન હળવું થઈ ગયું.

પરંતુ U-2 વિમાનો સંપૂર્ણપણે અજેય ન હતાં. 1960 માં રશિયાના આકાશમાં રશિયાએ એક U-2 તોડી પાડ્યું. તેના પાઈલટ ફ્રાન્સિસ ગેરી પાવર્સને પણ રશિયનોએ જીવતો પકડી લીધો. આગળની વાટાઘાટોમાં લિવરેજ તરીકે કામ આપે તે માટે પાઈલટને બે વરસ રશિયાની કેદમાં રાખ્યો. ત્યારબાદ U-2 દ્વારા રશિયા પર ઊડીને જાસૂસી કરવાના મિશનો બંધ કરાયાં. પરંતુ એક જાસૂસી વિમાન તરીકેની એની ઉપયોગીતા જળવાઈ રહી હતી. CIA અને અમેરિકાના સંરક્ષણ દળોએ તેનો ભરચક ઉપયોગ કર્યો હતો.

રશિયાએ તે તોડી પાડ્યું, તેની માહિતી મેળવી લીધી ત્યારબાદ U-2થી પણ વધુ અદ્યતન વિમાનની રચના કરવાનું કેલી જ્હોન્સન માટે ફરજિયાત હતું. કેલીએ બીજો પ્રોજેક્ટ ઓલરેડી આદરી દીધો હતો અને વધારે ઉપયોગી અને વધારે સફળ SR-71 'બ્લેકબર્ડ' નામક રિકનેસાં (જાસૂસી) એર-ક્રાફ્ટ તૈયાર કર્યું. આ U-2થી વધુ ઊંચાઈએ, વધુ દૂર અને વધુ ઝડપથી જઈ શકતું હતું. હવે આ SR 71ની એ 12 નામક આવૃત્તિ કોઈ ગણાવવામાં આવે છે, પરંતુ તેની તકલીફ એ હતી કે તે મેક ત્રણ અર્થાત્ ત્રણ હજાર બસ્સો કિલોમીટરની ઝડપે ઊડે ત્યારે તે ખૂબ ગરમ થઈ જતું હતું. બહારનું વાતાવરણ શૂન્ય ડિગ્રી ઠંડું હોય ત્યારે વિમાનનું બહારનું આવરણ (કેબિન) 800 ડિગ્રી ફેરનહીટ જેટલી અતિશય ગરમ થઈ જતી હતી. ખાસ કરીને વિમાન ઓછી ઝડપે નીચે ઊતરતું ત્યારે આવી સ્થિતિ બનતી હતી. કેલી અને એની ટીમે વિમાનની બહારની બોડી ટાઈટેનિયમ ધાતુથી બાંધવાનું નક્કી કર્યું, પરંતુ અહીં પણ એક સમસ્યા હતી.

દુનિયામાં ટાઈટેનિયમનો સૌથી મોટો ઉત્પાદક દેશ સોવિયેત સંઘ હતો અને સોવિયેત સંઘની જાસૂસી કરે એવાં વિમાનો બાંધવા માટે સોવિયેત સંઘ અમેરિકાને તે ધાતુ વેચવા તૈયાર ન થાય. અમેરિકનોએ બીજી એક સરસ ટ્રીક અપનાવી. ત્રીજા વિશ્વના દેશોમાં શેલ કંપનીઓ (અસલી મકસદ છૂપાવે એવી કંપની) સ્થાનને તેનું એક નેટવર્ક ઊભું કર્યું. અને તેના થકી કાચું ટાઈટેનિયમ ખરીદ્યું. સોવિયેત સંઘના અમલદારોને એવા ભ્રમમાં રાખ્યા કે પિત્ઝાના ઓવેન (ભઠ્ઠીઓ) બનાવવા માટે ટાઈટેનિયમને ઉપયોગમાં લેવામાં આવી રહ્યું છે. એ સમયે એક U-2 વિમાન દસ લાખ ડોલરમાં તૈયાર થયું હતું, આજે એક કરોડ વીસ લાખ ડોલરમાં પડે છે. ઓપરેશન સિંદૂર વખતે ભારતે અમેરિકામાં બનેલું પાકિસ્તાનનું એક રિકનેસાં વિમાન તોડી પાડ્યું હતું. કહે છે કે નૂરખાન એરબેઝ પર એ નાંગરેલું હતું ત્યારે તોડી પડાયું.

જવાબદાર સ્ત્રોતો કહે છે કે તે યુટુ ન હતું, પણ અન્ય બનાવટનું જાસૂસી અને ઈન્ટેલિજન્સ પ્લેન હતું. U-2 હવે આજે ખાસ અઘરી ટેકનોલોજી રહી નથી.

## અયોધ્યા વિવાદ: ભાજપ માટે મૂંઝવણ ઉભી કરતા સાધુ સંતો

અયોધ્યામાં રામ મંદિરના દાનની ચોરી અંગેનો વિવાદ વધુ વણસી રહ્યો છે અને ભાજપ તથા RSS માટે શરમજનક સ્થિતિ ઊભી કરી રહ્યો છે. અયોધ્યાના સાધુ-સંતો આરપારની લડાઈના મૂડમાં છે અને તેમણે ચીમકી આપી છે કે જો દાનની ચોરી પાછળના અસલી ગુનેગારોને સજા કરવામાં નહીં આવે, તો તેઓ એક લાખ સંતો અને પૂજારીઓને અયોધ્યા શહેરમાં ભેગા કરશે. અયોધ્યામાં યોજાયેલી તાજેતરની એક બેઠકમાં, સંતોએ આક્ષેપ કર્યો હતો કે ટ્રસ્ટના માત્ર નીચલા સ્તરના અધિકારીઓની જ ધરપકડ કરવામાં આવી છે, જ્યારે મુખ્ય સૂત્રધારોને મુક્તપણે ફરવા દેવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં, તેઓએ વિહિપ નેતા અને રામ મંદિર ટ્રસ્ટના પૂર્વ જનરલ સેક્રેટરી ચંપત રાયની સાથે ટ્રસ્ટના અન્ય બે પૂર્વ સભ્યો અનિલ મિશ્રા અને ગોપાલ રાવ વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી છે. ચોરીના સમાચાર સામે આવ્યા બાદ આ ત્રણેય જણાએ રામ મંદિર ટ્રસ્ટમાંથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા દાનની ચોરીની તપાસ માટે ગઠિત કરવામાં આવેલી SIT દ્વારા તેમને ક્લીન ચિટ આપી દેવામાં આવી હતી. જો કે, સાધુ-સંતો આનાથી અસંતુષ્ટ જણાય છે. તેમણે CBI તપાસની માંગ કરી છે. દરમિયાન, બીજા મોરચે પણ સમસ્યા ઊભી થઈ રહી છે. ચોરીમાં સામેલ હોવાના આરોપમાંથી મુક્ત થયા બાદ, ચંપત રાયે નવ પાનાનો એક પત્ર લખીને ટ્રસ્ટના સભ્ય અને વડાપ્રધાનના પૂર્વ મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રા સામે ગંભીર આક્ષેપો કર્યા છે. પત્રમાં, રાયે મિશ્રા પર મંદિરના નિર્માણ દરમિયાન ટ્રસ્ટના સભ્યોને અવગણવાનો અને પોતાની મરજી મુજબ ડિઝાઇનમાં ફેરફાર કરવાનો આક્ષેપ કર્યો છે, સાથે જ અન્ય ઘણી બાબતો પણ જણાવી છે. જો ભાજપ અને RS સંતો અને ચંપત રાયને શાંત રાખવામાં સફળ નહીં થાય, તો સંઘ અને હિન્દુ પરિવારમાં વધી રહેલો આ આંતરિક કલહ ચોક્કસપણે યુપીની આગામી વિધાનસભા ચૂંટણી પર અસર કરશે.



**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## ગડકરી દંપતિની શુભ ચેષ્ટા

કેન્દ્રીય વાહનવ્યવહાર મંત્રી નીતિન ગડકરી આજે એવા બહુ ઓછા નેતાઓમાંથી એક છે જેઓ હજુ પણ રાજકીય ક્ષેત્રના તમામ પક્ષો સાથે સંબંધો જાળવી રાખવાની જૂની રાજકીય પરંપરાઓને જાળવી રાખે છે. ઉદાહરણ તરીકે, તેમના પત્ની લ્યુટિયન્સ દિલ્હી સ્થિત તેમના વિશાળ સરકારી બંગલાના પાછળના ભાગમાં આવેલી ઓર્ગેનિક ગાર્ડનમાંથી કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીને નિયમિતપણે તાજા શાકભાજીની ટોપલી મોકલે છે. આ સદ્ભાવના પાછળની સ્ટોરી ખૂબ જ સ્પર્શી જાય તેવી છે. ગડકરી પરિવાર હાલમાં જે બંગલામાં રહે છે, તેમાં UPA સરકારના કાર્યકાળ દરમિયાન સોનિયા ગાંધીની 'નેશનલ એડવાઇઝરી કાઉન્સિલ' ચાલતી હતી. એવું કહેવાય છે કે, સોનિયા ગાંધીએ જ તે બંગલાના પ્રાંગણમાં ઓર્ગેનિક કિચન ગાર્ડન બનાવવા માટેની જોગવાઈ કરી હતી. ગડકરી પરિવાર પોતે ઓર્ગેનિક ખેતીને ખૂબ મોટા પાયે પ્રોત્સાહન આપે છે, તેથી તેમણે તે ગાર્ડનને જાળવી રાખ્યું અને ત્યાં મોસમી તથા વિદેશી શાકભાજી ઉગાડવાનું શરૂ કર્યું. જૂની શૈલીના રાજકારણીઓ દ્વારા પાળવામાં આવતી પરંપરાના ભાગરૂપે, તેઓ ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવાના સોનિયા ગાંધીના નાનકડા પ્રયાસની પ્રશંસા રૂપે તેમને આ શાકભાજી મોકલે છે.



## ભાગવતની અમેરિકા યાત્રા પર ભાજપ-સંઘની નજર

ભાજપ અને RSSના વર્તુળો RSS વડા મોહન ભાગવતની ચાલી રહેલી અમેરિકા અને કેનેડાની મુલાકાત પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. તેઓ એ જાણવા માગે છે કે પોતાની આ યાત્રા દરમિયાન તેઓ અમેરિકાના કયા અધિકારીઓ, રાજકીય નેતાઓ કે થીંક ટેન્કને મળે છે. ભારત પરત ફર્યા પછી તેઓ શું વિચારો વ્યક્ત કરે છે તે સાંભળવા માટે પણ તેઓ ખાસ ઉત્સુક છે. તેનું કારણ આ મુજબ છે - ના બે વરિષ્ઠ નેતાઓ, દત્તાત્રેય હોસાબળે અને રામ માધવ કેટલાક મહિનાઓ પહેલા અમેરિકાની મુલાકાતે ગયા હતા. જ્યારે તેઓ પરત ફર્યા, ત્યારે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો ફરી શરૂ કરવાની જરૂરિયાત વિશે વાત કરવાનું શરૂ કર્યું હતું. મોદી સરકારના કડક વલણ – કે 'વાતચીત અને ત્રાસવાદ એકસાથે ન ચાલી શકે' – ને કારણે આ વાટાઘાટો ઘણા વર્ષોથી ખોરવાઈ ગઈ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરીથી વાટાઘાટો શરૂ થાય તે અમેરિકાનું જાણીતું વલણ રહ્યું છે. હોસાબળે અને રામ માધવ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ પરથી એવું લાગે છે કે તેમણે આ મુદ્દે અમેરિકી અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. જો કે, અમેરિકામાં તેમની બેઠકો વિશે બહુ ઓછી માહિતી ઉપલબ્ધ છે. હવે બીજેપી અને ના વર્તુળોમાં પ્રશ્ન એ છે કે: શું ભાગવત પણ ભારત-પાક વાટાઘાટો અંગે આવા જ વિચારો વ્યક્ત કરશે? અને જો તેઓ એવું કરશે, તો મોદી સરકારનો પ્રતિભાવ શું હશે?



# આતંકવાદનો આરોપી ભાગે અને ભીંત સાથે ભટકાય એમાં પોલીસ કરે શું?

આ કૃતિના કપાળમાંથી લોહી વહેતા કાવ્યા રાણાએ નાછૂટકે ડૉક્ટરને બોલાવ્યા. પરંતુ ડૉક્યુમેન્ટરી ફિલ્મની સિનેમેટોગ્રાફર કૃતિ બચીબેને ઊલટાની ડૉક્ટરને ધમકી આપી, 'મને આંગળી પણ લગાવી તો જાતીય સતામણીની ફરિયાદ કરતાં નહિ અચકાઉં હોં'. ડૉક્ટરે ખૂબ શાંતિથી સમજાવી, 'લોહી વહેતું રહેવાથી તબિયત વધુ બગડશે. પહેલા સારવાર કરાવી લો...'

'સારવાર કરાવવી જ છે પણ એસપી સર કે કોઈ સિનિયર ઓફિસર મને મળવા આવે પછી જ'. કાવ્યાના સ્પષ્ટ ઈનકાર છતાં ડૉક્ટરે પોતાની સલામતી અને ફરજના ભાગરૂપે

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાને ફોન કર્યો. પોલીસ હેડ ક્વાર્ટરમાં પ્રવેશતા પુષ્કર્ણા કેબિનમાં જવાને બદલે કૃતિને રાખી હતી એ પૂછપરછ રૂમમાં પહોંચ્યા.

કૃતિની વાત સાંભળ્યા કે એની સામે નજર નાખ્યા વગર પુષ્કર્ણાએ ડૉક્ટરને ખભે હાથ મૂક્યો. 'કોઈને સારવાર કરાવવામાં રસ ન હોય તો પડતા મૂકો. વધુ લોહી વહેવાથી બેભાન થઈ જાય પછી તમને સમય હોય ત્યારે સારવાર કરવાની...' કૃતિ ઉશ્કેરાટમાં બોલી, 'અરે. મને આટલું લોહી વહી રહ્યું છે એની પરવા કરવાને બદલે આવી સલાહ? પીઝ ઈઝ નોટ ફેર'. ડૉક્ટરે કૃતિ સામે જોયું તો પુષ્કર્ણા હસ્યા. 'પકડાવાથી બચવા માટે આતંકવાદનો આરોપી જીવ બચાવીને ભાગે અને ભીંત સાથે ભટકાય એમાં પોલીસ કરે શું? ડૉક્ટર, આ મામલો મૂકો બાજુ પર. દસ મિનિટમાં મારી કેબિનમાં આવજો. પ્રિન્સેસને રાતથી છીંક આવે છે.' ડૉક્ટરને નવાઈ લાગી, 'આપની દીકરી અહીં આવી છે?' 'દીકરી નહિ પણ દીકરી જેવી જ. શી ઈઝ માય ડિઅરેસ્ટ ડૉગ. જલ્દી આવો.' પુષ્કર્ણા ચાલતા થયા એટલે ડૉક્ટરે કૃતિને ઈશારામાં પૂછ્યું. તો એ હાથ જોડીને સારવાર માટે તૈયાર થઈ ગઈ. આ સમગ્ર ઘટનાક્રમમાં



**ધમકી પત્રની જાણથી શું કોઈ નેતા આતંકવાદી હુમલાથી બચાવવા દોડી આવવાનો હતો? એ કામ તો આપણે જ કરવાનું અને તમારી ટીમે એ ખૂબ સરસ રીતે પાર પાડ્યું છે**

પોતાની હાજરીની કોઈએ નોંધ શુદ્ધા ન લીધી એનાથી આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણાનો ચહેરો ગુસ્સાથી તમતમી ગયો.

■■■

ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીને થયું કે પોલીસ આતંકવાદનો આરોપી જીવ બચાવીને ભાગે અને ભીંત સાથે ભટકાય એમાં પોલીસ કરે શું? પછી એ બધાની તપાસ પણ લાંબી ચાલે. આથી પોલીસ સુપ્રિટેન્ડન્ટ અને સુરેન્દ્ર પુષ્કર્ણા સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કરીને ત્રિવેદીએ માત્ર વિનોદ રિપોર્ટરના સીડીઆર કઢાવડાવ્યા. એમાં આગલા દિવસના વિનોદના મોટા ભાગના નંબર ઘરના, ઓફિસના કે દોસ્તોના હતા. રાતનો એક કોલ કોઈ નવા નંબર પરથી પહેલીવાર આવ્યો હતો. એનું લોકેશન શોધતા નિરવ ઝડપભેર પાનના ગલ્લાના માલિક બકલા સુધી પહોંચી ગયા. બકલાને ફરી પોલીસવાળાનું ગલ્લા પર આવવું ન ગમ્યું. નિરવ ત્રિવેદીએ ફોનમાં વિનોદ રિપોર્ટરનો ફોટો બતાવીને સવાલ કર્યો, 'આને ઓળખતો જ હોઈશ?' ત્રિવેદીને અપેક્ષા મુજબનો જવાબ મળ્યો, 'ના, નથી ઓળખતો સાહેબ'.

'તો આને ફોન કેમ કર્યો હતો?'

'મેં? આને ફોન? ના હો સાહેબ'.

'તારો ફોન જ સાક્ષી છે... કાલે રાતે ફોન થયો હતો.' અવાજમાં થોડા રુઆબ સાથે ચબરખી ધરીને, 'જો આ એનો નંબર છે... ચેક કર ફટાફટ'. સ્કોલ કરતા બકલાને ચબરખીમાંનો નંબર ડાયલ્ડ કોલમાં દેખાયો. એ માથું ખંજવાળવા માંડ્યો. અચાનક દિમાગમાં બત્તી થતાં એ ખડખડાટ હસી પડ્યો. બકલાએ અવાજના બદલાયેલા રણકા સાથે નિરવ ત્રિવેદીને સંભળાવ્યું, 'કા ખોટી મેથી મારો છો?' નિરવને ન એનો ટોન ગમ્યો કે ન શબ્દો. 'કોયડાબાજી બંધ કર ને ચુપચાપ કબૂલ કર કે આ નંબર પર ફોન થયો હતો'. 'હા, મારા મોબાઈલથી એ નંબર લગાડાયો હતો પણ મેં નહિ હો'. 'તો કોણે ફોન કર્યો?' બકલો ખડખડાટ હસવા માંડ્યો. 'આ તો ઊલ્ટા ચોર કોટવાલ કો... સોરી... પાનવાળા કો ડાંટે'.

નિરવે એનો કોલર પકડ્યો. 'પોલીસ સ્ટેશન આવીને જ સીધો જવાબ આપીશ?'

'સાહેબ, બીક ન બતાવો હો મને... એ નંબર લગાવ્યો હતો તમારાવાળાએ જ'.

નિરવના કાન સરવા થયા. 'કોણ હતું એ?'

'નામ ખબર નથી ને બાઈમાણહના લફડામાં હું નો પડું'. 'બાઈમાણહ' શબ્દ કાને પડતાં જ નિરવ ત્રિવેદીનું મગજ કમ્પ્યુટરની ઝડપે ચાલ્યું. એકાદ મિનિટમાં તેમણે મોબાઈલ ફોનમાં કાવ્યા રાણાનું ડીપી બકલાને બતાવ્યું. તેણે હસીને સીટી વગાડવા સાથે માથું હલાવ્યું. 'સાહેબ, મસ્ત પાન ખાશો... મારા તરફથી'.

■■■

પુલ તૂટી રહ્યા છે, રસ્તાઓ ધોવાઈ ગયા છે, આ વખતે હાઈવે ડૂબી રહ્યા છે, શું આપણે આગળ વધી રહ્યા નથી?

મુખવાસ મોઢામાં પધરાવતા એટીએસના કર્મવીર શાહે સામે થોડાક અસ્વસ્થતા અનુભવતા યજમાન સામે જોયું. 'રિલેક્સ પુષ્કર્ણાજી. મને આપની કામગીરીથી સંપૂર્ણ સંતોષ નહિ, ગર્વ અને આનંદ છે.'

'થેન્કયુ સર...' 'નો સર. મને માત્ર કર્મવીર કહો સુરેન્દ્ર. આપણે હમઉમ્ર અને હવે તો હમ નિવાલા ભી. વળી, કામ એક જ. પ્રજાની અને કાયદા-વ્યવસ્થાની જાળવણી.' 'રિયલી અમારાથી કોઈ ફરિયાદ નથી?' 'નોટ એટ ઓલ. ઊલટાનું ધમકી પત્ર મળ્યાના ગણતરીના કલાકો પછી ડાંગ દરબાર ઉત્સવ એકદમ શાંતિથી પાર પાડ્યો. ચાર શકમંદને ઝડપી લીધા. સુપર્બ. ઈટ ઈઝ ફેન્ટાસ્ટીક સુરેન્દ્ર. પોતાની અને સાથીઓની પીઠ થાબડૉ ભાઈ.'

'થેન્કયુ સર... આઈ મીન... થેન્કયુ કર્મવીર.

**અતા-પતા-લાપતા -17**

પણ ગાંધીનગરમાં હોબાળો નહિ મચે કે મેં ધમકી પત્રની જાણ ન કરી?'

'કદાચ થાય થોડી બયાનબાજી. ધમકી પત્રની જાણથી શું કોઈ નેતા આતંકવાદી હુમલાથી બચાવવા દોડી આવવાનો હતો? એ કામ તો આપણે જ કરવાનું અને તમારી ટીમે એ ખૂબ સરસ રીતે પાર પાડ્યું છે. કીપ ઈટ અપ.' 'મેં બહુ ઓછા એટીએસ ચીફ જોયા જે સ્થાનિક પોલીસને ભાંડતા ન હોય'.

'કમ ઓન સુરેન્દ્ર. એમાં કોઈ મોટી વાત નથી. હા, એક માર્યા ગયેલા શકમંદ પર જે અપડેટ હોય એ શેર કરજો. અને એક લોકલ માણસ ગાયબ છે એને પણ શોધવો પડશે. જતા પહેલાં એક સવાલ. પકડાયેલા શકમંદો વિશે કેવી ગટ ફિલિંગ છે તમારી?'

'ફ્રેન્કલી, મજીદ પાસેથી જેહાદના પ્રચારની સામગ્રી સિવાય કંઈ મળ્યું નથી. મુંબઈમાં ક્રોસચેકમાં બધા ક્લિન લાગે છે, એટલીસ્ટ અત્યાર સુધી'. 'સુરેન્દ્ર, તો પછી છેક પડઘાથી ધમકી પત્ર મોકલવા પાછળ આશય શું?'

આ સવાલના જવાબમાં હતું એક ક્રૂર, લોહિયાળ અને મગજ ચકરાવી દે એવું ષડયંત્ર. સુરેન્દ્ર પુષ્કર્ણાજી આણિ મંડળીની આફત ટળી નહોતી, હવે શરૂ થવાની હતી.

**સટ્ટાક — કમલ**

